અપીલ અરજી નં.૨૮ તા.૨૭–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા.૧૮–૩–૧૦ની અરજીથી(૧) પ્રતિ કમિશ્નરશ્રી તા.૨૩/૨/૧૦ ક્રાંતિધર્મ (૨) પ્રતિ કમિશ્નરશ્રી તા.૩/૩/૧૦ ક્રાંતિધર્મ (૩) ડો.હેમંત દેસાઈ તા.૨/૩/૧૦ ક્રાંતિધર્મ (૪) ડે. કમિશ્નર.જન. તા.૬/૩/૧૦ ક્રાંતિધર્મ (૫)સુ.શહેર મ્યુ. કમિશ્નરશ્રી તા.૫/૩/૧૦ ક્રાંતિધર્મ (૬) કલેકટર અને જી.મેજી.શ્રી ૧૮–૧–૧૦ થી કમીશનરશ્રીને તબદીલ ઉપરોકત તમામ અરજી બાબતે જે તે સંબોધન કરેલ છે તે અધિકારીએ શું રીમાર્ક અથવા હૂકમ કર્યો છે તથા જે તે અધિકારીને તે અરજી આપી છે તેના ધ્વારા શું શું કાર્યવાહી થઈ છે અને ન થઈ હોય તો તેના કારણો અને જવાબદાર અધિકારીઓના નામ સહિત માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૭–૪–૧૦ ની **SMC/FAP/** નં.૨૮/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા.૧૮–૩–૧૦ની અરજીથી(૧) પ્રતિ કમિશ્નરશ્રી તા.૨૩/૨/૧૦ ક્રાંતિધર્મ (૨) પ્રતિ કમિશ્નરશ્રી તા.૩/૩/૧૦ ક્રાંતિધર્મ (૩) ડો.હેમંત દેસાઈ તા.૨/૩/૧૦ ક્રાંતિધર્મ (૪) ડે. કમિશ્નર.જન. તા.૬/૩/૧૦ ક્રાંતિધર્મ (૫)સુ.શહેર મ્યુ. કમિશ્નરશ્રી તા.૫/૩/૧૦ ક્રાંતિધર્મ (૬) કલેકટર અને જી.મેજી.શ્રી ૧૮–૧–૧૦ થી કમીશનરશ્રીને તબદીલ ઉપરોકત તમામ અરજી બાબતે જે તે સંબોધન કરેલ છે તે અધિકારીએ શું રીમાર્ક અથવા હૂકમ કર્યો છે તથા જે તે અધિકારીને તે અરજી આપી છે તેના ધ્વારા શું શું કાર્યવાહી થઈ છે અને ન થઈ હોય તો તેના કારણો અને જવાબદાર અધિકારીઓના નામ સહિત માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/૧૩ તા.૨૩–૩–૧૦ થી તથા નં.સા.ઝોન./ટેક./૧૯૫ તા.૩–૪–૧૦ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૮ તા.૩–૫–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી તથા અરજદારે પણ અપીલમાં જણાવેલી તારીખની અરજીની નકલો રજૂ કરેલ નથી.

અરજદારની તા.૧૮–૩–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે અરજદારની માહિતી માંગતી અરજી ઉધનાઝોન કરવામાં આવેલ. જેના અનુસંધાને સા.ઝોન/ નં.૧૩ તા.૨૩–૩–૧૦ થી અરજદારને અરજીમાં માંગ્યા મુજબની માહિતી સદર અરજીમાં સંબોધિત કરેલ અધિકારીઓ તેમજ તારીખ મુજબની કોઈ અરજી ઝોન કચેરીના આરોગ્ય વિભાગને લાગત ન હોય આરોગ્ય વિભાગ ધ્વારા કોઈ માહિતી આપવાની રહેતી નથી. તથા પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૧૯૫ તા.૩–૪–૧૦ ના પત્રથી પ્રાઈવેટ બોરીંગવાળાને સુમપા જાહેર રસ્તા ખોદીને ટીપી સ્કીમના રસ્તા પરથી લઈ ડાઈંગ એકમો સુધી પાઈપ લાઈન નાંખવાની પરવાનગી અંગે કચેરીના ઉપલબ્ધ રેકર્ડ મુજબ રાધિકા પ્રિન્ટર્સ પ્રા.લિ. ૨. મારૂતિ ટેક્ષ. પ્રા.લિ. તથા ૩. કલરટેક્ષ ઈન્ડ. પ્રા.લિ. ને ઝોન કચેરીએ રૂા.૪,૩૪,૦૧૫/– રસ્તા ખોદાણ ચાર્જ વસુલ લઈ પરવાનગી આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૨૭–૪–૧૦ ના રોજ છ જેટલી અરજીઓની કાર્યવાહી ન થઈ હોય તો કારણો જવાબદાર અધિકારીઓ સંબોધિત અધિકારીઓના રીમાર્કસ વિગેરેની માહિતી ન આપવાથી અપીલ અરજી કરવાનું કારણ જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૨૩–૩–૧૦ ના રોજ અરજીમાં માંગ્યા મુજબની માહિતી સદર અરજીને સંબોધિત કરેલ અધિકારીઓ તેમજ તારીખ મુજબની કોઈ અરજી ઝોન કચેરીના આરોગ્ય વિભાગને લાગત ન હોય આરોગ્ય વિભાગ ધ્વારા કોઈ માહિતી આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. તથા બોરીંગ બાબતે તા.૩–૪–૧૦ ના જવાબથી નારાજ થઈ છ જેટલી અરજીઓની માહિતી જવાબદાર અધિકારીઓ ન થવાના કારણો રીમાર્કસ વિગેરે ન મળવાથી આશરે ૨૫ બોરીંગ હોવા છતાં ૩ ની માહિતી અધૂરી આપવાથી જાહેર માહિતી અધિકારીએ માહિતી ન આપેલ અને અન્ય બોરીંગો તથા પાઈપ લાઈનની માહિતી છુપાવી છે અને કાર્યવાહી ન કરવાના કારણો અધિકારીઓના નામ ન આપેલ હોવાથી શિક્ષાત્મક પગલા લેવા અરજીઓના અનુસંધાને કાર્યવાહી કરાવવા તેમજ માહિતી અપાવવી જાહેર હિતમાં હોવાથી કાર્યવાહી ન કરવાના ઠોસ કારણો તથા જવાબદાર અધિકારીઓના નામ સાથે માહિતી આપવા અપીલમાં રજૂઆત કરેલ છે.

અરજદારે તા.૧૮–૩–૧૦ ની અરજીથી પ્રતિ કમિશ્નરશ્રીને તા.૨૩–૨–૧૦,૩–૩–૧૦,૫–૩–૧૦, ડો. હેમંત દેસાઈને તા.૨–૩–૧૦ અને ડે.કમિશ્નર(જનરલ) તા.૬–૩–૧૦ તથા કલેકટરશ્રીને તા.૧૮–૧–૧૦ ના રોજ કરેલ અરજી બાબતે માહિતી માંગતી અરજી કરેલ છે. જે અંગે અરજદારે સદર અરજીઓની કાર્યવાહી ન થઈ હોય કારણો , જવાબદાર અધિકારીઓના રીમાર્કસની માહિતી ન આપવા બાબતે અપીલ અરજી કરેલ છે. પરંતુ અરજદારે મુળ અરજી સાથે તેમાં નિર્દિષ્ટ વિવિધ અરજીઓની નકલો તથા તે નિર્દિષ્ટ જાહેર માહિતી અધિકારી કક્ષાએ આપ્યાના આધાર અરજી સાથે કે અપીલ તબકકે રજૂ કરેલ નથી. તેમજ સદર તારીખોવાળી અરજીઓ આજ અરજદારની અગાઉની અપીલના સંદર્ભ જોતા પણ અત્રેના દફતરે જણાતી ન હોય ઉપલબ્ધ રેકર્ડ આધારે પક્ષકાર જાહેર માહિતી

અધિકારી સુનિશ્ચિત થઈ શકતા નથી. અરજદારે અપીલમાં પક્ષકાર જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન જણાવેલ હોય અરજદાર તે અંગેની અરજીઓ ની નકલ લાગત જાહેર માહિતી અધિકારીને રજૂ કરી અગર અગાઉ તે અરજીઓ તેમને પૂરી પાડયાના આધાર રજૂ કર્યા બાદ માહિતી મેળવવાનું રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૮–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી અરજદાર માંગેલ માહિતીમાં નિર્દિષ્ટ તારીખો વાળી અરજી લાગત જાહેર માહિતી અધિકારીને રજૂ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. અરજીઓ રજૂ કર્યા પછી દિન–૩૦ માં માહિતી ન મળે તો અપીલ કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ..જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,